સતત અભ્યાસ જ મગજને
ક્રિયાશીલ રાખી શકે છે,
વિશ્રામ નહીં
- એસ. ભટ્ટાચાર્ય

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૪૨ | ૩૧ જુલાઇ ૨૦૧૨, મંગળવાર, શ્રાવણ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## મંત્રી પુરુષોત્તમ સોલંકીનું આજ-કાલમાં રાજીનામું

**હાઇકોર્ટે પગલાં લેવાનો આદેશ કર્યો : અધિકારીના નોટીંગના આધારે રાજ્યપાલે હાઇકોર્ટને અહેવાલ મોકલ્યો હતો, મંત્રી સામે તોળાઇ રહેલાં પગલાં**

(વિશેષ પ્રતિનિધિ)

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતમાં ભ્રષ્ટાચારના મામલે રાજ્યકક્ષાના મંત્રી પુરુષોત્તમ સોલંકીનો પહેલો ભોગ લેવાય તેવી શક્યતા છે. રાજ્યપાલે કરેલી ભલામણને ગુજરાત હાઈકોર્ટે બહાલી આપતાં ગમે તે સમયે તેમને રાજ્યના મંત્રીમંડળમાંથી દૂર કરી તેમની સામે પગલાં લેવા પડે તેમ છે.

અદાલતના આદેશ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા મત્સ્યોદ્યોગ વિભાગની ફાઈલ અને દસ્તાવેજો રાજ્યપાલને સોંપવામાં આવ્યા હતા. તેનો અભ્યાસ કરીને રાજ્યપાલે તેમની ભલામણ સાથેનો રિપોર્ટ હાઈકોર્ટેને મોકલી આપ્યો હતો. આજે હાઈકોર્ટે રાજ્યપાલની ભલામણને સ્વીકૃતિ આપી દીધી છે.

હાઈકોર્ટે સોલંકી સામે પગલાં લેવા આદેશ કર્યો હતો પરંતુ સરકારે પગલાં ભરવાની જગ્યાએ કેસ દાખલ કરવો પડે તેવી બાબત નથી એવું એફિડેવીટમાં ફાઈલ કર્યુ હતું જેના પગલે સમગ્ર પ્રકરણ રાજભવન પહોંચી ગયું હતું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજ્યપાલે તત્કાલિન મુખ્યસચિવ સહિતના ત્રણ અધિકારીઓએ ફાઈલ ઉપર કરેલા નોટીંગને આધાર બનાવી આ ભલામણ કરી હતી. આ ઘટનાક્રમ પછી મંત્રી પુરુષોત્તમ સોલંકીનું મંત્રીપદ જોખમમાં મૂકાયું છે.

સરકારના મંત્રી ઉપર પગલાં લઈ શકાય તેવી ભલામણ કરતો એક અહેવાલ રાજ્યપાલ

● અનુસંધાન પાન-૭ પર





શ્રાવણિયો સોમવાર - શ્રાવણ માસના બીજા સોમવારે ગાંધીનગરના શીવાલયો ભાવિકોથી ઉભરાયા... બ્રહ્મસમાજ સંકુલ, સોમનાથ મહાદેવ ખાતે સોમવારની સાંજે મહાઆરતી અને દિપમાળા યોજાઈ હતી. મોટી સંખ્યામાં ભાવિકોએ ભગવાન શીવની આરધના કરી હતી. કલ્યાણના દેવ - મહાદેવને વરસાદ માટે સૌ ભાવિકોએ પ્રાર્થના કરી હતી. (તસવીર : દિપક જાની)

# ખોરજ કોલેરા ભયગ્રસ્ત જાહેર કરાશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર તાલુકાના ખોરજ ગામે કોલેરાનો પોઝીટીવ કેસ મળી આવતાં તંત્ર દ્વારા આ ગામને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ એક મહિલા દર્દીને અહિ ઝાડા-ઉલ્ટી થયા હતા. જે કાબુમાં ના આવતાં ઉવારસદ પ્રા.આ. કેન્દ્ર ખાતે લઈ જવામાં આવેલ આ પછી પણ પરિસ્થિતિમાં સુધારો ના જણાતાં તેણીનીને સોલા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવેલ. જ્યાં તેણીનીના ઝાડા-ઉલ્ટીના ટેસ્ટ કરાતાં કોલેરા પોઝીટીવ જણાઈ આવતાં જિલ્લા આરોગ્ય તંત્રને તેની જાણ કરવામાં આવી હતી.

હરકતમાં આવેલા આરોગ્ય તંત્રએ મહિલા દર્દી જ્યાં રહેતી હતી તેની આસપાસના વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી પણ કરી હતી

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં વરસાદ ખેંચાતાં આઠ કરોડના ખર્ચનો કન્ટીજન્સી પ્લાન

**જિલ્લાનાં ૪૫ ગામોમાં પીવાના પાણીની સમસ્યાને પહોંચવા ૨૪૫.૦૯ લાખનું અને મનરેગા યોજના અંતર્ગત રોજગારી નિર્માણમાં ૬ કરોડના ખર્ચનું આયોજન**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં વરસાદ ખેંચાતા ઉભી થઈ રહેલી પરિસ્થિતિને પહોંચી વળવા માટે તંત્ર દ્વારા રૂ. ૮ કરોડના ખર્ચનો કન્ટીજન્સી પ્લાન તૈયાર કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો મુજબ આગામી દિવસોમાં જિલ્લાના ૪૫ ગામોમાં પીવાના પાણીની સમસ્યાને પહોંચી વળવા માટે રૂ. ૨૪૫.૦૯ લાખનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. જ્યારે ૬ કરોડ રૂ. જેટલો ખર્ચ મનરેગા યોજના અંતર્ગત રોજગારી નિર્માણ પાછળ કરવાનું આયોજન હાલના તબક્કે વિચારાયું છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લામાં પશુધન માટે ઘાસચારાની કોઈ સમસ્યા ઉભી થશે નહિ તેમજ પીવાના પાણી માટે પણ કોઈ ગંભીર પરિસ્થિતિ થાય તેમ નથી. જિલ્લાના ૧૪૮ ગામોને હાલ નર્મદા યોજનામાંથી જૂથ પાણી પુરવઠા યોજના અંતર્ગત પાણી પુરવઠો આપવામાં આવી રહ્યો છે.

પાણી પુરવઠા વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લામાં ૧૨ નવા ટ્યુબવેલો ૪૫ ગામોને આવરી લેતા બનાવવાનું આયોજન છે. આ ટ્યુબવેલો ૭ ઈંચના બનાવવામાં આવશે. જે ટ્યુબવેલો બનાવવામાં આવનાર છે તેમાં ગાંધીનગર તાલુકામાં ૪, દહેગામમાં ૨, માણસામાં ૫, કલોલમાં ૧ ટ્યુબવેલનો સમાવેશ થાય છે.

પાણી પુરવઠા તંત્ર દ્વારા હાલ જિલ્લાના ૪ નગરોને પણ પુરતા પ્રમાણમાં પાણીનો જથ્થો પુરો પાડવામાં આવી રહ્યો છે.

પશુધન માટે ઘાસચારાની તંગી ઉભી નહિ થાય તેવો વિશ્વાસ આજે કલેક્ટરશ્રી સ્વરૂપે પરિસ્થિતિની સમીક્ષા માટે બોલાવેલી બેઠકમાં અધિકારીઓએ વ્યક્ત કર્યો છે. જિલ્લામાં હાલ ઘાસાચારાનું ૧૨ હજાર હેક્ટર કરતાં પણ વધુ

● અનુસંધાન પાન-૭ પર




શંભુ શરણે પડી... માગુ ઘડી રે ઘડી... - ગાંધીનગરના પ્રસિદ્ધ શિવાલય વૈજનાથ મહાદેવ ખાતે સોમવારની સવારથી જ ભાવિકો ઉમટ્યા હતા. વૈજનાથ મહાદેવને શણગાર કરાયો હતો. રંગોળી પૂરી હતી. અને ભાવિકોના ભાવસભર પૂજન-અર્ચનથી મહોલ પવિત્ર બની ગયો હતો... ભગવાન શંકરની આરાધના માટે શ્રાવણ મહિનાના સોમવારનો મહિમા મોટો હોય છે. (તસવીર : દિપક જાની)

## નવી પાર્ટીના ગઠન માટે ૧લી ઓગષ્ટે અમદાવાદમાં કેશુભાઇ જૂથની બેઠક

**એમજેપીમાં મર્જર નહીં થાય,નવી પાર્ટી બનશે જેમાં ઝડફિયાની પાર્ટીનું વિલિનીકરણ થશે, સંમેલન યોજવાનાં સ્થળ નક્કી કરાયાં**

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતમાં નવી પાર્ટીના ગઠન માટે પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે આ વખતે અમદાવાદમાં બેઠક રાખી છે જેમાં તેમના જૂથના નેતાઓ ઉપસ્થિત રહેશે. આ બેઠક ૧લી ઓગષ્ટના રોજ યોજવામાં આવી છે.

કેશુભાઈની નજીકના સૂત્રો કહે છે કે તેઓ મહાગુજરાત જનતા પાર્ટીમાં મર્જ નહીં થાય પરંતુ આ પાર્ટી નવી પાર્ટીમાં વિલિન થઈ જશે. એટલે કે ગોરઝન ઝડફિયા અને તેમની સાથેના નેતાઓ નવી પાર્ટીમાં આવી જશે.

કેશુભાઈ સંઘ અને જનસંઘની વિચારધારા ધરાવતી પાર્ટી બનાવવા જઈ રહ્યાં છે. ૧લીની બેઠકમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી કાશીરામ રાણા, પૂર્વ મુખ્યમંત્રી સુરેશ મહેતા, સંઘના નેતા ભાસ્કરરાવ દામલે, પૂર્વ મંત્રી અરવિંદ પટેલ, નલીન ભટ્ટ અને ગોરધન ઝડફિયા ઉપસ્થિત રહેશે.

કેશુભાઈ પટેલના નિવાસસ્થાને ગઈકાલે મળેલી એક બેઠકમાં રાજ્યભરમાં સંમેલનો યોજવાનું નક્કી કરવામાં આવ્યુંછે. સંમેલનોની શરૂઆત પાર્ટીના ગઠન પછી કરવામાં આવશે અને પહેલું સંમેલન ઉત્તર ગુજરાતમાં યોજાશે. અમદાવાદમાં રાજ્યકક્ષાનું સંમેલન ૧૦મી ઓગષ્ટ પહેલાં યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. એ ઉપરાંત જિલ્લા અને તાલુકા કક્ષાએ વિવિધ જ્ઞાતિઓના સંમેલનો યોજવામાં આવનાર છે.

કેશુભાઈના બંગલે હાલ તો નાની મોટી બેઠકો થતી રહે છે. તેમના જણાવ્યા પ્રમાણે ગુજરાત ભરમાંથી તેમને સમર્થન મળી રહ્યું છે. ગઈકાલની બેઠકમાં અમદાવાદની ૧લી ઓગષ્ટની બેઠકની રૂપરેખા બનાવવામાં આવી હતી. નવી પાર્ટીના નામમાં અત્યારે અટકળો ચાલી રહી છે, કોઈ નામ નક્કી થયું નથી.

## આજે જિલ્લાની પાંચ બેઠકો માટે કોંગ્રેસના નિરીક્ષકો આવે છે

ગાંધીનગર, તા. ૩૦

વિધાનસભાના નવા સીમાંકન પછી જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકોના સંભવિત નામોની ચર્ચા વિચારણા કરવા માટે આજે પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા નિમાયેલા નિરીક્ષકો ગાંધીનગર આવી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લાના નિરીક્ષકો તરીકે પૂર્વ મંત્રી શ્રીમતિ ચંદ્રિકાબેન ચુડાસમા તથા કિશન પટેલની નિમણુંક કરવામાં આવી છે. ૩૧મી જુલાઈને સવારે ૧૦ વાગ્યાથી જિલ્લા પંચાયત ખાતે તેઓ સંભવિત ઉમેદવારો તેમજ જિલ્લા કોર સમિતિના સભ્યોને મળી રજુઆતો સાંભળશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ કોંગ્રેસ સમિતિ દ્વારા નિમાયેલા નિરીક્ષકો અહિ ઉમેદવારોને વ્યક્તિગત મળી તેમની રજુઆતો સાંભળશે. આ ઉપરાંત કોર કમિટીના સભ્યોને મળી તે રાજકીય સ્થિતિની ચર્ચા વિચારણા કરશે.

મળતી વિગતો મુજબ જિલ્લામાં નવા સીમાંકન પ્રમાણે પાંચ બેઠકો બની છે અને કોંગ્રેસ પક્ષમાં ૨૦થી પણ વધુ સંભવિત ઉમેદવારો નિરીક્ષકો સમક્ષ તેમની રજુઆત કરશે. નિરીક્ષકો નવી રચાયેલ ગાંધીનગર (ઉ)ની બેઠકની રજુઆતો સાંભળી તેમની કવાયતનો પ્રારંભ કરશે.

જો કે આ કવાયતના પ્રારંભ પૂર્વે તેઓ કોર કમિટીના સભ્યોને પણ અલગથી મળશે. આ નિરીક્ષકો તેમનો અહેવાલ તૈયાર કરી પ્રદેશ સમિતિને સોંપશે. આ નિરીક્ષકો ઉમેદવારોની પેનલ બનાવશે કે પછી એક નામ સૂચવશે તે હજુ જાણી શકાયુ નથી.

કોંગ્રેસ પક્ષ દ્વારા આ અંગે સંગઠ્ઠનના અગ્રાણીઓને જાણ કરી દેવામાં આવી છે. નિરીક્ષકો સાંજ સુધી રજુઆતો સાંભળનાર છે.

ગાંધીનગર જિલ્લામાં કોંગ્રેસ પક્ષ દ્વારા વિધાનસભાની ચૂંટણીના ઉમેદવારોની પસંદગી અંગે વિધિવત્ પ્રક્રિયાનો પ્રારંભ થઈ રહ્યો હોવાથી કોંગ્રેસના આગેવાનોમાં લોબીંગ અને ગુપ્ત બેઠકોનો સિલસિલો આજે મોડી રાત સુધી ચાલ્યો હતો. કેટલાક ટિકિટ વાંચ્છુઓએ તો પોતાનો બાયોડેટા ફોટોગ્રાપ્સ, અખબારી અહેવાલો તેમજ સ્થાનિક સંગઠ્ઠનોના અભિપ્રાય સાથે તૈયાર કરી બુકલેટો બનાવી હોવાનું જાણવા મળેલ છે.

# ...તો સચિવાલય કર્મચારીઓ જંગે ચડશે

**કર્મચારીઓ અને તેમના કુટુંબીજનોને મુખ્યમંત્રીને સીધો પત્ર લખવાનો કાર્યક્રમ આપ્યો**

ગાંધીનગર, તા. ૩૦

કર્મચારીઓના પડતર પ્રશ્નો અને માંગણીઓનો સ્વીકાર કરવામાં નહી આવે તો આગામી ચૂંટણીમાં કર્મચારીઓ અને પાંચ અમારા પચીસના ધોરણે મતદાન કરાવવાની ઝુંબેશ હાથ ધરશે અને પરિણામમાં નિર્ણાયક ભૂમિકા ભજવશે એવી ચિમકી ગુજરાત સચિવાલય ફેડરેશને ઉચ્ચારી છે.

કર્મચારીઓના પડતર પ્રશ્નોનો ઉકેલ લાવવાની માંગણી સાથે ગુજરાત સચિવાલય ફેડરેશન દ્વારા આંદોલાત્મક કાર્યક્રમો જાહેર કરવામાં આવ્યા છે.

ગુજરાત સચિવાલય ફેડરેશનના પ્રમુખ મનુભાઈ પટેલ અને મહામંત્રી યોગેન સેવકે એક અખબારી યાદીમાં જમાવ્યું છે કે કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે રાજ્ય સરકાર સમક્ષ અનેકવાર રજુઆતો કરવામાં આવી છે. પરંતુ વર્તમાન સરકાર દ્વારા ૨૦૧૧થી આજદિન સુધી આ પડતર પ્રશ્નો મુદ્દાઓના ઉકેલ માટે કોઈ ચોક્કસ વ્યવસ્થા ગોઠવી નથી કે પરામર્શ અને ચર્ચા વિચારણાની કોઈ પ્રક્રિયા હાથ ધરી નથી.

તેમણે વધુમાં જણાવ્યું છે કે આગામી વિધાનસભા ચૂંટણી ફક્ત રાજ્યની બાકીની પ્રજા માટે જ નહિ પરંતુ સરકારી અધિકારી કર્મચારીઓ માટે પણ ખૂબ જ મહત્વની છે. રાજ્યની પ્રજાને જાતિ જ્ઞાતિ ધર્મ અને વ્યવસાયના ધોરણે વોટબેન્ક ગણીને રાજકીય પક્ષો વર્તે છે ત્યારે હવે સરકારી અધિકારી કર્મચારીએ પણ મત દ્વારા પોતાની અસરકારકતા સાબીત કરવાનો સમય આવી ગયો છે.

પડતર પ્રશ્નોનો કોઈ ઉકેલ નહી આવતાં ગુજરાત સચિવાલય ફેડરેશન દ્વારા અધિકારી કર્મચારીઓના કુટુંબીજનો તથઆ સ્નેહીજનો તરફથી રાજ્યના મુખ્યમંત્રીને પત્ર ઝુંબેશની શરૂઆત કરવાનો કાર્યક્રમ આપવામાં આવ્યો છે.

તેમણે જણાવ્યું છે કે પત્રમાં મુખ્યમંત્રીને સ્પષ્ટપણે જણાવવામાં આવશે કે તેઓના કુટુંબને સીધી રીતે સ્પર્શતા આ પ્રશ્નો બાબતે રાજ્ય સરકાર ચૂંટણી અંગેની આચારસંહિતા જાહેર થાય તે પહેલાં હકારાત્મક નિર્ણય નહી લે તો કુટુંબના દરેક સભઅયોને આગામી ચૂંટણીમાં પોતાનું વલણ મતબેન્કના સ્વરૂપમાં વ્યક્ત કરવાની ફરજ પડશે તેટલું જ નહી અમે પાંચ અમારા પચ્ચીસના ધોરણે મતદાન કરાવવાની ઝુંબેશ હાથ ધરાશે અને પરિણામમાં નિર્ણાત્મક ભૂમિકા ભજવશે.

તેમણે જણાવ્યું છે કે આ પત્ર કોઈપણ સંવર્ગ હોદ્દો વિગેરેને ધ્યાનમાં લીધા સીવાય સમગ્ર રાજ્યના તમામ અધિકારી કર્મચારીઓ લખે તે માટે સઘન ઝુંબેશ ઓગષ્ટના પ્રથમ પખવાડિયામાં હાથ ધરવામાં આવશે.

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬

